ગાંધીનગર સમાચાર

શહેરના માર્ગો પર ટ્રાફિક નિશાનીઓ જરૂરી

# મમતા ઈન્સ્ટિટ્યૂટના ૧ ૨ વિદ્યાર્થીઓ યુપીએસસીમાં ઉત્તીર્ણ

**મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટરના ૨૦માંથી ૧૨ વિદ્યાર્થીએ યુપીએસસી મુખ્ય પરીક્ષા પાસ કરી : આગામી ૮મી માર્ચે દિલ્હી ખાતે મૌખિક પરીક્ષા આપશે**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરની વિદ્યાર્થી પ્રતિભા શૈક્ષણિક ક્ષેત્રે નામના મેળવી રહી છે. ગાંધીનગરમાંથી ચાલુ વર્ષે મમતા આઈએએસ ટ્રેનિંગ સેન્ટરના ૨૦ વિદ્યાર્થીઓએ ભારતીય સનદી સેવા માટેની પ્રતિષ્ઠિત યુપીએસસી પરીક્ષા આપી હતી. જેમાંથી કુલ ૧૨ વિદ્યાર્થીઓએ સફળતા મેળવી શહેરનું નામ ગુંજતું કર્યુ છે.

ભારતમાં સનદી અધિકારી થવું એ અનેક યુવાનોની મહેચ્છા હોય છે. સનદી અધિકારી થવા માટે યુનિયન પબ્લિક સર્વિસ કમિશનની પ્રલિમનરી અને મુખ્ય એમ બે લેખિત પરીક્ષા પાસ કરવાની હોય છે જે ખૂબ જ અઘરી ગણાય છે. આ પરીક્ષાઓ પાસ કરનાર ઉમેદવારોને મૌખિક પરીક્ષા માટે પસંદ કરવામાં આવે છે. ચાલુ વર્ષે ભારતમાંથી આશરે સાડા સાત લાખ વિદ્યાર્થીઓએ પ્રિલિમનરી પરીક્ષા આપી હતી. આ પરીક્ષામાંથી ભારતભરમાંથી આશરે માત્ર ૧૫ હજાર જેટલા ઉમેદવારો મુખ્ય પરીક્ષા માટે ઉત્તીર્ણ થવા પામ્યા હતા. જેમાંથી માત્ર ૨૭૦૦ જેટલા ઉમેદવારો મૌખિક ઈન્ટરવ્યુ માટે પાસ થવા પામ્યા છે. મુખ્ય પરીક્ષામાં પાસ થનારા ગુજરાતના આશરે ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓમાં ગાંધીનગરની મમતા સંસ્થાના ૧૨ ઉમેદવારો છે જેઓ આગામી તા. ૮મી માર્ચે નવી દિલ્હી ખાતે ઈન્ટરવ્યુ આપવા જશે.



ગાંધીનગરના મમતા આઈએએસ ઈન્સ્ટીટયુટમાંથી પાસ થનારા વિદ્યાર્થીઓમાં પંકજ દેસાઈ, કિશોર રાઠવા, રવિન્દ્ર પટેલ, કૃણાલ રાઠોડ, શ્રેયસ પટેલ, મિલાપ પટેલ, કોમલ પટેલ, જય બારોટ, હર્ષનિધિ ચક્રવર્તી, રવિ થેસિયા, પ્રવિણ જૈતાવત અને દેવાંશુ ધોરાજીયાનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ વિદ્યાર્થીઓમાં કેટલાક એવા પણ વિદ્યાર્થીઓ છે કે જેઓએ એકથી વધુ વાર આ પરીક્ષા પાસ કરી છે પરંતુ અગાઉ તેઓ મૌખિક પરીક્ષામાં અસફળ રહ્યાં છે તેથી આ વર્ષે ફરી પ્રયત્ન કરી રહ્યાં છે. મમતા ઈન્સ્ટિટયુટના વિદ્યાર્થીઓમાં રવિન્દ્ર પટેલે મેડીકલ સાયન્સ, પંકજ દેસાઈએ એન્થ્રોયોલોજી અને કોમલ પટેલે મેથેમેટિકસ વિષયને મુખ્ય વૈકલ્પિક વિષય તરીકે પસંદ કર્યો હતો જયારે બાકીના તમામે ગુજરાતી સાહિત્યને પસંદ કર્યું હતું. કૃણાલ રાઠોડ અને રવિન્દ્ર પટેલે ગત વર્ષે પણ મુખ્ય પરીક્ષા પાસ કરી હતી. આ વિદ્યાર્થીઓમાં કિશોર રાઠવા ગુજરાત સરકારના નાણા વિભાગમાં સેકશન ઓફિસરની ફરજ બજાવી રહ્યાં છે જયારે હર્ષનિધિ ચક્રવર્તી પણ વિધાનસભા ખાતે નાયબ સેકશન અધિકારીની ફરજ બજાવી રહ્યાં છે.

ગાંધીનગરની કોઈ એક જ સંસ્થાના વિદ્યાર્થીઓ આટલી મોટી સંખ્યામાં યુપીએસસી જેવી પ્રતિષ્ઠિત પરીક્ષામાં ઉત્તીર્ણ થાય તે શહેર માટે ગૌરવપ્રદ ઘટના છે. આ વિદ્યાર્થીઓના ઉત્કૃષ્ઠ દેખાવને કારણે સમગ્ર શહેરનું નામ રોશન થયું છે. અને અન્ય વિદ્યાર્થીઓ માટે તેઓ પ્રેરણારૂપ બન્યા છે.

## @ગાંધીનગર

● વિવેકાનંદ સંસ્કાર તપોવન કેળવણી દ્વારા બપોરે ૧૨.૩૦ કલાકે સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે વાર્ષિકોત્સવનો કાર્યક્રમ યોજાશે.

● પ્રેરણા પ્રગતિ મંડળ દ્વારા સાંજે ૬.૩૦ કલાકે સેકટર-૧૩ સ્થિત લિમ્બચ માતાજીના મંદિરે મહાઆરતી યોજાશે.

● રંગ અવધૂત પરિવાર દ્વારા બપોરે ૪ થી ૬ કલાક દરમિયાન ઉપેશભાઈ ભટ્ટના નિવાસ સ્થાન પ્લોટ નં. ૧૦૯૩/૧, વાવોલ રોડ ખાતે મારૂકમામ્બા સપ્તશતિ પાઠ યોજાશે.

● સેકટર-૧૭ મહિલા મંડળ દ્વારા ભાગવત સપ્તાહનું આયોજન તા. ૨૨ થી તા. ૨૮ ફેબ્રુઆરી દરમિયાન કરાયું છે. કથાનો સમય બપોરે ૨ થી ૫નો રહેશે. કથાના વકતા પ.પૂ. ફુલશંકર શાસ્ત્રીજી રહેશે.

**- નજાહખાનમ સૈયદ**

## પ્રોહીબીશનના ગુનામાં વોન્ટેડ સે-૩નો શખ્સ ઝડપાયો : આર.આર. સેલે ઘરેથી આરોપીને પકડી મોડાસા પોલીસને સોંપ્યો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર રેન્જમાં સમાવિષ્ટ જિલ્લાઓમાં નોંધાયેલા ગુન્હામાં સંડોવાયેલા હોય અને વોન્ટેડ હોય તેવા આરોપીઓને પકડી પાડવા આર.આર. સેલની એક ટીમ કવાયત કરી રહી છે. દરમિયાન સેલના હેડ કોન્સ્ટેબલ જોગીન્દરસિંહે બાતમીને આધારે એક વર્ષથી પ્રોહીબીશનના ગુનામાં મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં વોન્ટેડ ગાંધીનગરના શખ્સને પકડી પાડયો છે. વર્ષ ૨૦૧૫માં મોડાસા રૂરલમાં નોંધાયેલા પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલો સેકટર-૩-બી પ્લોટ નં. ૧૩૯૫/૨ ખાતે રહેતો અને મુળ પેથાપુર દવે વાસનો રહેવાસી જયદીપ ઉર્ફે જે.ડી. ઉર્ફે શીવમ પંકજકુમાર દવે નાસતો ફરતો હતો

જે.ડી.તેના ઘરે સે-૩માં હોવાની માહિતી મળતા જોગીન્દરસિંહ તથા તેમની ટીમ ઘરે પહોંચી ગઈ હતી અને ઘરે તે મળી આવતા તેની ધરપકડ કરી લઈ મોડાસા રૂરલ પોલીસને આરોપીનો કબ્જો સોંપી દીધો છે.

## મહિલા ગ્રામ વિદ્યાપીઠમાં યોગ તાલીમ શિબિર યોજાઈ

મહિલા ગ્રામ વિદ્યાપીઠ નારદીપુરની બીઆરએસ પ્રથમ વર્ષની વિદ્યાર્થીનીઓને વૈદિક વિદ્વાન અવધેશ પાંડેજી દ્વારા અષ્ટાંગ યોગ વિષયકની સમજૂતી આપી હતી. તેમજ યોગ શિક્ષિકા વર્ષાબેન દવે દ્વારા યોગની પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી. મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓએ તાલીમ મેળવી હતી. આ સમગ્ર કાર્યક્રમ પ્રો. જશુમતીબેનના આયોજન હેઠળ કરાયું હતું.



ગાંધીનગરમાં પોલિયો રવિવાર ભારે ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. સમગ્ર ગુજરાતમાંથી પોલિયોને સંપૂર્ણ પણે નાબૂદ કરવા રાજય સરકારે કમર કસી છે જેમાં ગાંધીનગરની સેવાભાવી સંસ્થાઓ ખભેખભા મિલાવી સાથ પૂરો પાડી રહી છે. ગાંધીનગરની રોટરી કલબના સભ્યોએ આજે શહેરના શ્રમજીવી વર્ગના બાળકોને પોલિયોની રસીના ટીપા પીવડાવી પોલિયો નાબૂદી અભિયાનમાં તેમનો સંપૂર્ણ સહયોગ પૂરો પાડયો હતો.

## સે-૧૬ બ્રહ્મભવન ખાતે 'રોગ કા નિર્મૂલન યોગ સે' અંગે વકતવ્ય યોજાયું

ગાંધીનગર, તા. ૨૧

જયોતિ મહિલા મંડળ, વિવેક ટ્રસ્ટ અને સમસ્ત બ્રહ્મસમાજના સંયુકત ઉપક્રમે તાજેતરમાં 'રોગ કા નિર્મૂલન યોગ સે' સૂત્રના આધારે વકતવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રાથમિક શાળાના શિક્ષકોએ વિવિધ પાસાઓને આવરી લઈ વકતવ્ય આપ્યું હતું તેમજ અતિથિ તરીકે પધારેલ ચિલ્ડ્રન યુનિવર્સિટીના સલાહકાર જયોતિબેન થાનકીએ 'માસ્તર' શબ્દનું 'મા-સ્તર' માં એટલે માં જેવું વાત્સલ્ય આપી બાળકોનું સ્તર સુધારે છે તે આમ શબ્દને લઈ અર્થઘટન કરી વકતવ્ય રજૂ કર્યા હતા.

ડૉ. ચિતણિયાના અધ્યક્ષસ્થાને મળેલી સભામાં વ્યારાથી આવેલા કવયિત્રી, વિવેચક અને સાહિત્યકાર ડૉ. દક્ષાબેન વ્યાસે બાળકો મૂઠી ઉંચેરા માનવી બને તે અંગે શિક્ષકોને સૂચનો કર્યા હતા. આ કાર્યક્રમમાં લતાબેન ચોકસી, જ્ઞાનદેવીબેન, સોનલ ઓઝા, નિષ્ઠા જોશી, મીનાબેન શાહ હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અસ્મિતાબેન દવેએ કર્યું હતું.

## વાતવાતમાં

● શેરથા હાઈવે રોડ પાસે પાણીના ગરનાળામાંથી પસાર થતી ઓએનજીસીની પાઈપ લાઈન લીકેજ થતા પાણીના ફુવારા ઉડયા હતા અને જવલનશીલ પદાર્થ સંપર્કમાં આવે તો મોટી દુર્ઘટના સર્જાય તેવી સ્થિતિ પેદા થઈ હતી. આ અંગે તુરંત જાણ કરવા છતાં ઓનજીસીના સત્તાવાળાઓ એક કલાક સુધી પહોંચ્યા નહોતા જેથી ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો હતો.

● શનિવારે બપોરે એક કાર ચ રોડ પરથી પસાર થઈ રહી હતી ત્યારે બરાબર વિધાનસભાના મુખ્ય પ્રવેશદ્વાર આગળ પહોંચી ત્યારે ઓવરહીટ થઈ જતા કાર ચાલકે કાર થંભાવી બહાર નીકળી જવું પડયું હતું. અંતે પાણી છાંટીને કારને ઠંડી તો કરી પરંતુ વિધાનસભા સામે જ કાર કેમ ગરમ થઈ ગઈ તે સવાલે કારચાલકને મુંઝવી નાંખ્યો હતો.

● કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં ચાલી રહેલા સિરાજ-૨૦૧૬માં મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ માટે યોજાયેલ ઈન્ટર કોલેજ ટી શર્ટ પેઈન્ટીંગ કોમ્પિટીશનમાં બહારગામથી આવેલ ફાઈન આર્ટસના બે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ વિદ્યાર્થીઓને મેનેજમેન્ટ કે માર્કેટીંગનો વિષય અભ્યાસમાં આવતો ના હોવા છતાં સ્પર્ધામાં કેમ સામેલ થયા તે અંગે નિર્ણાયકોને જવાબ આપવામાં ફાંફાં પડી ગયા હતા.

● શહેરમાં ટ્રાફિક પોલીસની હેલ્મેટ બાબતે કડક કાર્યવાહીના પગલે અસંખ્ય વાહન ચાલકો 'ટોપી હેલ્મેટ' વાપરી રહ્યાં છે. માત્ર હેલ્મેટ પહેર્યાનો 'શૉ' કરતી આ ટોપી હેલ્મેટ ચાલુ વાહને માથેથી ઉડી જતા સ્વબચાવ માટે પહેરેલ હેલ્મેટને બચાવવા વાહનચાલકો જાતે રોડ પર દોડતા જોવા મળી રહ્યાં છે.

**- સમીર રામી,**
**મો. ૯૯૨૪૪૪૬૬૪૫**

## ઈ-મેમો ઘરે આવતા સે-૨માં રહેતી ૨૦ વર્ષીય યુવતીનો ગળે ફાંસો

**ત્રણ સવારી જતાં કેમેરા મારફતે ઘરે ફોટો સાથે મેમો આવતા પિતાએ આપેલા ઠપકાથી દિકરીને લાગી આવ્યું અને પંખે દુપટ્ટો બાંધીને આપઘાત કરી લીધો...!**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર પોલીસે વિવિધ સર્કલો પર સીસીટીવી કેમેરા લગાડી ટ્રાફીકના નિયમોનો ભંગ કરતા વાહનચાલકોનો સીસીટીવી વડે ફોટો પાડી તેના ઘરે ઈ-મેમો મોકલી દંડ વસુલવાનું શરૂ કર્યું છે. ત્યારે આ ઈ-મેમો ઘરે આવતા પિતાએ આપેલા ઠપકાથી લાગી આવતા સેકટર-૨ની ૨૦ વર્ષીય યુવતીએ ગળે ફાંસો ખાઈ લીધો હોવાની ઘટના બનવા પામી છે. આ ઘટનાને પગલે સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ગુનાની ઊંડી તપાસ શરુ કરી છે.

શહેરના સેકટર-૨-સી પ્લોટ નં. ૮૭૮/૧ ખાતે રહેતી ૨૦ વર્ષીય યુવતી થોડા દિવસ પહેલા શહેરના મુખ્યમાર્ગ પરથી ટુ વ્હીલર લઈને તેણીની અન્ય બે સખીઓ સાથે ત્રણ સવારી નીકળી હતી. આ ત્રણ સવારીનો સર્કલ પર લાગેલા સીસીટીવી કેમેરામાં ફોટો કેપ્ચર થઈ ગયો અને તેનો ઈ-મેમો ઘરે પહોંચ્યો હતો. ઘરે ઈ-મેમો આવતા ૨૦ વર્ષીય યુવતી વિશ્વા પ્રવિણભાઈ સોલંકીને તેણીના પિતાએ ઠપકો આપ્યો હતો પિતાના ઠપકાથી વિશ્વાને લાગી આવતા ગઈ કાલે મોડી સાંજે પોતાના ઘરે જ પંખે દુપટ્ટો બાંધીને ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. દિકરીના મૃત્યુ બાદ પરિવારજનો પસ્તાઈ પણ રહ્યા છે અને ઘેરા શોકમાં સરી પડયા છે. સે-૭ પોલીસ મથકના પીએસઆઈ એસ.એમ. ચૌધરીએ અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને તપાસ આરંભી છે.




### આર.એન. પટેલ પ્રાથમિક શાળાનું ઉર્જા રક્ષક દળ

નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર દ્વારા ઉર્જા સંરક્ષણ અને પર્યાવરણ જાગૃતિ સંદેશ પ્રદર્શિત કરતી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીમતી આર.એન. પટેલ પ્રાથમિક શાળાના કુલ ૨૫ વિદ્યાર્થીઓ અને વિજ્ઞાન શિક્ષક ભાવના દેસાઈ રેલીમાં જોડાયા હતા. આ રેલીમાં ઉર્જા સંરક્ષણ સબંધિત સ્લોગન, બેનરો સાથે નગરના જાહેર રસ્તા ઉપર પગપાળા રેલી કાઢવામાં આવી હતી. જેમાં બાળકોએ ઉર્જા બચાવવાનો સંદેશ પાઠવ્યો હતો. આ બાળ ઉર્જા રક્ષક દળને જોઈ નગરજનો પણ ઉત્સાહમાં આવી ગયા હતા.



હર્ષદ આઈ. કાપડીયા દ્વારા ગુજરાત ઓપન ચેસ ટુર્નામેન્ટનું આયોજન કરાયું હતું. આ ચેસ સ્પર્ધામાં અંડર ૧૧ અને અંડર ૧૬ અને ઓપન વિભાગની સ્પર્ધામાં કુલ ૮૮ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં ૨૨ જેટલા રેટેડ (નિષ્ણાંત) ખેલાડીઓએ ભાગ લીધો હતો. સવારે ૧૦થી ૫ દરમિયાન આ ટુર્નામેન્ટનું આયોજન સે-૧૯ જીમખાના ખાતે કરવામાં આવ્યું હતું.

(તસવીર : કશ્યપ નિમાવત)

## સે-૧૩માં મોટાભાઈના ઘરે જઈ યુવાને અગ્નિસ્નાન કરી લીધુ

**માતાના બેંક ખાતામાંથી પગાર ઉપાડી લેતો હોવાથી સમજાવવા માટે સાંજે ઘરે બોલાવ્યો હતો : શરીરે પેટ્રોલ છાંટી દીવાસળી ચાંપી દઈ આપઘાત કરી લેતા ચકચાર**

ગાંધીનગર, તા. ૨૧

શહેર નજીક રાયસણ પાસેના વિસ્તારમાં રહેતા ૨૮ વર્ષીય યુવાને ગઈ સાંજે તેના સે-૧૩ ખાતે રહેતા મોટા ભાઈના ઘરે જઈ શરીરે પેટ્રોલ છાંટી અગ્નિસ્નાન કરી લીધું હતું. માતાના બેંક ખાતામાંથી રૂપિયા ઉપાડી લેતો હોવાથી તેને સમજાવવા ઘરે બોલાવવામાં આવ્યો હતો ત્યારે તેણે આ પગલું ભરી લીધું હતું. યુવાનનું મધરાત્રે સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ નિપજયું હતું. સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે તો બીજી તરફ મૃતકની પત્નિએ હત્યાનો આક્ષેપ પણ કર્યો છે.

મળતી માહિતી મુજબ રાયસણ નજીક રહેતા ૨૮ વર્ષીય યુવાન રાજેન્દ્ર દિનેશભાઈ મકવાણાને તેના મોટા ભાઈએ ગઈ કાલે પોતાના ઘરે સે-૧૩ ખાતે બોલાવ્યો હતો. પ્યુન તરીકે નોકરી કરતી માતાના બેંક ખાતામાં પડતો પગાર કયારેક કયારેક દિકરો રાજેન્દ્ર ઉપાડી લેતો હતો. બે ત્રણ દિવસ પહેલા રૂ. ૪૦ હજાર ઉપાડી લીધા હતા. જે અનુસંધાને માતાએ મોટા દિકરાને વાત કરી રાજેન્દ્રને સમજાવવા કહેતા ગઈ સાંજે સમજાવવા બોલાવ્યો હતો. તે દરમિયાન થયેલી વાતચીત બાદ અચાનક રાજેન્દ્રએ પોતાના શરીરે પેટ્રોલ છાંટી દઈ દીવાસળી ચાંપી લીધી હતી. અત્યંત ગંભીર હાલતમાં તેને હોસ્પિટલ લઈ જવાયો હતો અને અમદાવાદની હોસ્પિટલમાં તેનું રાત્રે સારવાર દરમિયાન પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોધી તપાસ શરુ કરી છે જયારે આ હત્યા થઈ હોવાનો આક્ષેપ પણ મૃતકની પત્નિ કરી રહી છે.

## સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર દ્વારા ભજન સંધ્યાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૧

સમસ્ત ગાંધીનગર વૈષ્ણવ વણિક પરિવાર દ્વારા જાણીતા ભજનીક મુકેશભાઈ ભટ્ટનો સંગીતમય ભાગવત કથામૃત અને કૃષ્ણ ભકિતના ભજનોનો ભવ્ય કાર્યક્રમ આગામી તા. ૨૬મી ફેબ્રુઆરીને શુક્રવારના રોજ સાંજે ૭.૩૦ કલાકે સે-૨૩ સ્થિત કડી કેમ્પસના શેઠ ખીમજી વિશરામ હોલ ખાતે રાખવામાં આવ્યું છે. આ ભજનસંધ્યાનો લાભ લેવા નગરજનોને જિલ્લાના પ્રમુખ પ્રકાશભાઈ શાહ અને શહેરના પ્રમુખ જશવંત ગાંધીએ જણાવ્યું છે.

# શહેરના માર્ગો પર ટ્રાફિક નિશાનીઓ જરૂરી

**ડ્રાઈવિંગ લાયસન્સની પરીક્ષામાં નિશાનીઓ વિષેના પ્રશ્નો પુછાય છે, તંત્રની બેધારી નિતીની આકરી ટીકાઓ**

ગાંધીનગર, તા. ૨૧

શહેરમાં વાહનચાલકોને કાયદાના આકરા પાઠ ભણાવતી પોલીસ ટ્રાફિક અંગેની માર્ગો ઉપર કરવાની ફરજીયાત નિશાનીઓ પ્રત્યે ચુપ છે. વાહન ચલાવવા ફરજીયાત જરૂરી એવું ડ્રાઈવિંગ લાયસન્સ મેળવવા લેવાતી પરીક્ષામાં પણ માર્ગો ઉપરની જુદી જુદી નિશાનીઓ વિષે પ્રશ્નો પુછાતા હોય છે. આમ તંત્રની બેધારી નીતિઓ ઉજાગર થઈ રહી છે ત્યારે હાલમાં પોલીસની હેલ્મેટ અને સીટ બેલ્ટ ઝુંબેશ સામે પણ સવાલો ઉભા થયા છે. શહેરના માર્ગોનું પેવરકામ ઘણા સમયથી થઈ ગયેલું છે છતાં તંત્ર આ માર્ગો ઉપર ટ્રાફિક સુચન કરતી નિશાનીઓ પ્રત્યે ઉદાસીન રહ્યું છે.

શહેરમાં ઘણા સમય પહેલાં રાજમાર્ગ એવા ઘ રોડ, ચ રોડ, માર્ગ નં. ૬ તથા અન્ય માર્ગોના પેવરકામ પુર્ણ કરાયા છે. આ માર્ગ ઉપર વાહનચાલકો માટે ટ્રાફિક સંજ્ઞાઓ કરાતી જ નથી. ટ્રાફિક નિયમોના પાલન માટે જરૂરી એવી ટ્રાફિક સંજ્ઞાઓ અંગે તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે ત્યારે પોલીસ દ્વારા ટ્રાફિક નિયમોનું સુસ્ત પણે પાલન કરાવવા કડક કાર્યવાહી હાથ ધરી રહી છે. આમ વાહન ચાલકોને કાયદાનું શસ્ત્ર બતાવી દંડનાત્મક કાર્યવાહી જયારે તંત્રની લાંબા



સમયથી પડતર મહત્વની કામગીરી પ્રત્યે સહાનુભૂતિ દર્શાવાઈ રહી હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. આમ એક જ વિભાગના બે જુદા જુદા પ્રશ્નોમાં અલગતા દેખાઈ રહી છે.

વાહનો ચલાવવા માટે માર્ગ પરિવહન વિભાગ દ્વારા ફરજીયાત ડ્રાઈવિંગ લાયસન્સ હોવું જોઈએ તેવા નિયમો બનાવાયા છે અને આ લાયસન્સ મેળવવા લેવાતી પરીક્ષામાં પણ માર્ગો ઉપર કરાતી જુદી જુદી ટ્રાફિક સંજ્ઞાઓ અંગેના પ્રશ્નો પુછી વાહન હંકારનારને ટ્રાફિકના જ્ઞાન વિષેની ચકાસણી થતી હોય છે. જેથી અતિ અનિવાર્ય એવી માર્ગો ઉપરની ટ્રાફિક સંજ્ઞાઓ ગાંધીનગરના નવા પેવર થયેલા માર્ગો ઉપર ઘણા સમયથી અદશ્ય જ રહી છે. વધુમાં અકસ્માત નિવારણ અંગે ઠેર ઠેર મુકાયેલા માર્ગ અવરોધકો (બમ્પ) ઉપર પણ નિશાની કરાતી નથી જેથી ઘણા વાહનચાલકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. ટ્રાફિક નિશાનીઓ થકી વાહનચાલકોને વળાંક, બમ્બ, ઝિબ્રા ક્રોસીંગ વગેરેની માહિતીઓ માર્ગ ઉપરથી જ મળી રહેતા સરળતાથી વાહન ચલાવી શકાય તેવો મુખ્ય ઉદ્દેશ સમાયેલો છે પરંતુ તંત્ર વાહન ચાલકો પ્રત્યે કડક હાથે કામ લઈ રહ્યું છે જયારે પોતાના વિભાગની કરવાની અગત્યની કામગીરી અંગે અનદેખી કરી રહ્યું છે જેથી તંત્રની ચોમેર ટીકાઓ થઈ રહી છે.



(તસવીર : નિકેશ બ્રહ્મભટ્ટ)

એવું કહેવાય છે કે હવા પોતાની દિશા, પાણી પોતાનો રસ્તો અને બાળપણ પોતાની મસ્તી શોધી લે છે. બાળપણ પછી તે ભલે અમીરનું હોય કે ગરીબનું. બાળપણ એ બાળપણ છે. નિર્દોષ ચહેરા તેની ઓળખાણ છે અને મુશ્કેલીનો હલ શોધી લેવો તે તેની બાળ સહજ આદત છે. સ્ટીઅરીંગ વગરની સાયકલમાં લાકડી નાંખી 'જુગાડ કરી' સ્ટીઅરીંગ બનાવી સાયકલ સવારીની મોજમાણતું આ બાળપણ જીવનમાં આવનારી તકલીફો-મુશ્કેલીઓમાં પણ ગમે ત્યાંથી માર્ગ શોધી લેવાની ખુમારી દર્શાવે છે.

## ચિરવિદાય

- સ્વ. રસીકલાલ ડાહ્યાલાલ ભાવસાર, ઉ.વ. ૮૦
- સ્વ. વિશ્વા પ્રવિણકુમાર સોલંકી, ઉ.વ. ૧૯
- સ્વ. શિવરામભાઈ ત્રિકમભાઈ શ્રીમાળી, ઉ.વ. ૮૪
- સ્વ. જીવીબેન બબલદાસ પટેલ, ઉ.વ. ૯૬